કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી હેઠળની સીધી ભરતીથી નિમણૂક કરી ભરવાની થતી વર્ગ-૩ની હેડ કલાર્ક,વર્ગ-૩ની જગ્યાઓમાં દિવ્યાંગ ઉમેદવારો માટે ૪ ટકા જગ્યઓ અનામત રાખવા બાબત.

ગુજરાત સરકાર,

મહિલા અને બાળ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2023/1074/B1 Branch

સચિવાલય,ગાંધીનગર.

વંચાણે લીધા:-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના સમાન ક્રમાંકના તા.૦૮/૧૧/૨૦૨૩નો ઠરાવ

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૧/૦૫/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક:WCDD/DRA/e-file/23/2023/1476/B1

(૩) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૩/૦૫/૨૦૨૪નો પત્ર ક્રમાંક:મકમ-૧/ICDS/હેડક્લાર્ક/દિવ્યાંગતા/૨૦૨૪

**આમુખ:**

The Rights of Persons with Disabilities Act, 2016ની કલમ-૩૪માં થયેલ જોગવાઇ અનુસાર વંચાણે લીધા ક્રમ (૧) પરના ઠરાવથી કમિશ્નરશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી હેઠળના વર્ગ-૩ના સંવર્ગોમાં સીધી ભરતીથી નિમણૂક કરી ભરવાની થતી જગ્યાઓમાં દિવ્યાંગ ઉમેદવારો માટે ૪ ટકા જગ્યાઓ અનામત નિયત કરવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમ (૨) પરના ઠરાવથી કમિશ્નરશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી હેઠળના સંવર્ગ સિનિયર આસીસ્ટંટ,વર્ગ-૩નું નામાભિધાન “હેડ કલાર્ક” વર્ગ-૩ કરવામાં આવેલ છે.

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,ગાંધીનગર દ્વારા વંચાણે લીધા ક્રમ-(૩) પરના પત્રથી તેમના હસ્તકના હેડ કલાર્ક વર્ગ-૩ના સંવર્ગોમાં સીધી ભરતીના કિસ્સામાં ૪% (ચાર) ટકા મુજબ દિવ્યાંગતા નક્કી કરવા દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

//ઠરાવ//

કાળજીપૂર્વકની વિચારણાના અંતે, The Rights of Persons with Disabilities Act, 2016 મુજબ કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી હેઠળની હેડ કલાર્ક, વર્ગ-૩ સંવર્ગમાં સીધી ભરતીથી નિમણૂક કરી ભરવાની થતી જગ્યાઓમાં દિવ્યાંગ ઉમેદવારો નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ ચાર (૦૪%) ટકા અનામત રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | વિકલાંગતાનો પ્રકાર | | | |
|---|---|---|---|---|---|---|
| | | | a | b | c | (d & e) |
| ૧ | હેડ કલાર્ક | ૩ | B,LV (40%-75%) | D,HH (40%-75%) | OA,BA,OL,BL,OAL, CP,LC,Dw,AAV, SD,SI (40%-75%) | SLD,MI,MD involving (a) to (d) (40%-75%) |

# (40%-75%)= ૪૦ ટકા કે તેથી વધુ અને ૭૫ ટકાથી ઓછી)

B-blind, LV-Low Vision, D-Deaf, HH-Hard of hearing, OA-One Arm, OL-One leg, BA-Both Arms, BL-Both Leg, OAL-One Arm and One Leg, BLOA-Both Leg and One Arm, BLA-Both Leg Arms, CP-Cerebral Palsy, LC-Leprosy Cured, Dw-Dwarfism, AAV- Acid attack victim, SD-Spinal Deformity, SI-Spinal Injury, SLD-Specific Learning Disability, MI-Mental Illness, Multiple Disabilities (MD) :-Disabilities included in group (A) to (D) )

આ જગ્યાઓમાં ઉપરોક્ત કેટેગરીની દિવ્યાંગ વિકલાંગ વ્યક્તિઓ એક ભરતી પ્રસંગે ઉપલબ્ધ ન થાય તો તેવી અનામત જગ્યાઓ સરકારશ્રીના પ્રવર્તમાન હુકમો/નિયમો ધ્યાને લઇ આગળની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કૃણાલ હિંગુ

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ,

ગુજરાત સરકાર.

નકલ રવાના:-

- અધિક મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સીસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાસારૂ..)
- સિલેકટ ફાઇલ-૨૦૨૪.